કરીયાણું લેવા જતાં યુવાનનો ત્રણ શખ્સોએ કાન કરડી ખાધો

સેક્ટર-૧૩ પાસે બનેલી ઘટના : યુવાનને પ્લાસ્ટીક સર્જરી માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૧ ઉના છાપરા વિસ્તારથી વાવોલ જતાં માર્ગ પર ગઈ કાલે મોડી સાંજે એક વિચિત્ર ઘટના બનવા પામી હતી. કરીયાણું લેવા જવા માટે નીકળેલા એક યુવાનને પકડીને ત્રણ અજાણ્યા શખ્સોએ કોઈ કારણોસર માર માર્યો હતો અને તેના જમણા કાને બચકા ભરીને આખો કાન કરડી ખાધો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી પ્લાસ્ટીક સર્જરી માટે તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. કાન કરડી ખાનારા ત્રણ શખ્સો કોણ હતાં? તે ઈજાગ્રસ્ત યુવાનને પણ ખબર ન હોવાનું કહી રહ્યો છે. આ સંબંધે હજુ સુધી યુવાને કોઈ પ્રકારની પોલીસ ફરીયાદ નોંધાવી નથી.

શહેરના સેકટર-૧ ઉના છાપરા વિસ્તારમાં સ્થિત વણઝારા વાસમાં રહેતો ૩૨ વર્ષીય યુવાન ભરતસિંહ જોરસિંહ વણઝારા ગઈ કાલે મોડી સાંજે સાડા આઠ વાગ્યાના અરસામાં વાવોલ તરફ કરીયાણું લેવા જઈ રહ્યો હતો. તે દરમિયાન પાછળથી તેની પાસે ત્રણ શખ્સો આવ્યા અને મારઝુડ શરુ કરી દીધી હતી. ત્યાર બાદ એક શખ્સે યુવાનનો કાન કરડી ખાધો અને ત્રણેય ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ ત્રણેય શખ્સો કોણ હતાં? અને કેમ હુમલો કર્યો? યુવાનને આ બાબતની કશી જ જાણ નથી. તાત્કાલીક સારવાર માટે તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો અને ત્યાંથી અમદાવાદ પ્લાસ્ટીક સર્જરી માટે ખસેડવામાં આવ્યો છે. આ સંદર્ભે યુવાને કોઈ કારણોસર પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.



ગાંધીનગરના માર્ગો પર દોડતી મોંઘીદાટ ગાડીઓની સામે બીજી તરફનું આ દૃશ્ય સામાજિક અસમતુલાની સ્થિતિની ચાડી ખાય છે... તાપ, વરસાદ કે ઠંડી પણ આ જ સ્થિતિમાં મોટા થાળીમાં શાક અને દાળ વિનાની રોટલીનું ભોજન લેતા બાળકમાં દરિદ્રનારાયણના દર્શન અનુભવાય છે.

અડાલજ નજીક કેનાલમાંથી બે તરતા મૃતદેહ મળી આવ્યા

એક મહિલાનો ખોરજ કેનાલમાં અને એક વૃદ્ધનો નભોઈ કેનાલમાં ઝંપલાવી આપઘાત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર પાસેના અડાલજ નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે સવારના અરસામાં બે તરતા મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. પેન્શનના રૂપિયામાંથી મકાન ગીરો લીધા બાદ મુદત પુરી થવા આવી હોવા છતાં રૂપિયાની વ્યવસ્થા ન થતા અને દિકરાઓ કમાતા ન હોવાથી ટેન્શનમાં રહેતા હોવાની સ્યુસાઈડ નોટ લખીને મેઘાણીનગરના નિવૃત્ત વૃદ્ધે નભોઈ કેનાલમાં ઝંપલાવી મુક્યું હતું. તો બીજી તરફ અમદાવાદની પરિણીતાએ ખોરજ નર્મદા કેનાલમાં પડતું મુકી આપઘાત કરી લીધો હતો. અડાલજ પોલીસે બન્ને મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસનો દૌર શરૂ કર્યો છે.

આજે સવારના સુમારે અડાલજ ખાતે રહેતા લાલભાઈ નારણભાઈ પટેલ ખોરજ પુલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કેનાલમાં એક મહિલાની તરતી લાશ દેખાતા તેમણે પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ૩૫ વર્ષની પરિણીતાનું અમદાવાદમાં સાસરી અને કડીમાં પિયર હતું. કોઈ કારણોસર તેણીએ કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું છે.

પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ કેનાલ સિક્યુરીટીએ એક વૃદ્ધનો તરતો મૃતદેહ નભોઈ કેનાલમાં દેખતા અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. આ મૃતદેહ નિકાળી તપાસ કરતા એક ચિઠ્ઠી મળી આવી હતી. મેઘાણીનગર કલાપીનગર વિસ્તારના નિવૃત્ત સરકારી કર્મચારી ૬૦ વર્ષીય વૃદ્ધ સોનાજી શંકરજી પટ્ટણીનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે પેન્શનના રૂપિયામાંથી મકાન ગીરો લીધુ હતું. હવે પોતે કમાઈ શકે તેમ નથી અને દિકરા કમાતા નથી મુદત પણ પુરી થવા આવી છે તેથી સતત ટેન્શનમાં રહેતા હોવાનો ચિઠ્ઠીમાં ઉલ્લેખ છે. અડાલજ પોલીસે બન્ને મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસ આરંભી છે.

આમ જનતાના અઢી કરોડ ઓફીસ રીનોવેશનમાં વાપર્યાની લોક ફરિયાદ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા તાજેતરમાં રાજય સરકારના નાણા વિભાગના અગ્રસચિવ વિરુદ્ધ નારાજગી વ્યકત કરવામાં આવી છે અને અઢી કરોડના જંગી ખર્ચે તૈયાર કરેલી નાણા વિભાગની ચેમ્બર-ઓફીસના રીનોવેશન બાબતે પ્રજાના પસીનાના નાણાંની બરબાદી કરાઈ હોવાનો આક્રોશ વ્યકત કરવામાં આવ્યો છે.

એક તરફ ખર્ચ વ્યયને અટકાવવાના આગ્રહ સાથે વિકાસ અને ગુડ ગવર્નન્સની સરકાર દ્વારા વાતો થઈ રહી છે ત્યારે આમ જનતાના કરોડો રૂપિયા માત્ર ઓફીસના રિનોવેશન પાછળ ખર્ચ કરી ઉઘાડી લૂંટ કરાઈ રહી હોવાનો આક્રોશ વ્યકત કરવામાં આવ્યો છે. નાણા વિભાગના અગ્રસચિવે મુખ્યમંત્રીનું અનુકરણ કરી અઢી કરોડના જંગી ખર્ચે તેઓની પોતાની ચેમ્બર-ઓફીસનું રીનોવેશન કરાવ્યું છે અને લોકોના પસીનાના પૈસાની બરબાદી અને ઉઘાડી લૂંટ ચલાવી છે. આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે આ જ ચેમ્બર-ઓફીસનું રીનોવેશન લાખો રૂપિયાના ખર્ચે થોડા સમય પહેલા જ થઈ ગયેલું હતું.

ઈસનપુર ગામે ખુલ્લેઆમ જુગાર રમતાં પાંચ ઝડપાયા

કોર્ટમાં પાંચેય શખ્સોએ ગુનાની કબૂલાત કરતાં દરેક આરોપીઓને રૂ. ૩૦૦ દંડ ફટકાર્યો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામના ચબુતરા પાસે ખુલ્લેઆમ કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે દરોડો પાડી પાંચ શકુનીઓને ઝડપી પાડ્યા હતા. આજે કોર્ટમાં રજૂ કરતાં પાંચેય આરોપીઓએ કોર્ટ સમક્ષ ગુનાની કબૂલાત કરી લેતા કોર્ટે દરેક આરોપીઓને રૂ. ૩૦૦નો દંડ ફટકારી મુક્ત કર્યા હતા. ચિલોડા પોલીસે દરોડો પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ચિલોડા પી.આઈ. એલ. બી. મોણપરાને બાતમી મળી હતી કે ઈસનપુર મોટા ગામમાં ચબુતરાની છત્રી નીચે બેઠા બેઠા કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે જેને આધારે દરોડો પાડી ચિલોડા પોલીસની ટીમે પાંચ શકુનીઓને ઝડપી પાડ્યા હતા. ઈસનપુર મોટા ગામના પાંચેય શખ્સોમાં વાસુભાઈ વિરચંદભાઈ પટેલ, પ્રહલાદભાઈ શંભાભાઈ પટેલ, રોહિત રમણભાઈ પ્રજાપતિ, ભીખા પ્રહલાદભાઈ પટેલ અને રમેશ વનમાળીદાસ પટેલનો સમાવેશ થાય છે. પાંચેય આરોપીઓની રૂ. ૩૬૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં પાંચેય શખ્સોએ ગુનાની કબૂલાત કરી લીધી હતી. કોર્ટે પાંચેયને રૂ. ૩૦૦નો દંડ ફટકારી મુક્ત કર્તા હતા.

યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિ વર્ગ-૩ મંડળના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખાતાના કર્મચારી મંડળની સામાન્યસભામાં સતત પાંચમા વર્ષેપ્રમુખ તરીકે અશ્વીનભાઈ મોદી અને મહામંત્રી તરીકે ઘનશ્યામસિંહ સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે વી.કે. ચૌહાણ, ખજાનચી તરીકે એમ.પી. ત્રાસદીયા, સહમંત્રી તરીકે આર.આઈ. ભાભોર, સંગઠન મંત્રી તરીકે જી.એન. સોલંકી, સી.બી. પટેલ, આર.ડી. લિંમ્બાચીયા, એમ.આર. શેઠ તથા કારોબારી સભ્ય તરીકે આર.ડી. પરમાર, એ.એ. પટેલ. ડી.બી.મોદી. એચ.સી. વ્યાસની નિમણુંક કરવામાં આવી છે.

સીનીયર એડવોકેટ મુનીન્દ્ર જોશી અને રજની દિક્ષિત યુરોપના પ્રવાસે

ગાંધીનગર, તા. ૧૪

ડીસ્ટીકટ કોર્ટ ગાંધીનગરના જાણીતા સીનીયર એડવોકેટ મુનીન્દ્ર આર. જોશી પૂર્વ આચાર્ય, લો કોલેજ ગાંધીનગર તથા સીનીયર એડવોકેટ રજનીકાંત જી. દિક્ષિત સમસ્ત યુરોપના શુભેચ્છા પ્રવાસે તા. ૧૬મી મેના રોજ રવાના થશે. તેઓ પ્રવાસ દરમ્યાન જુદા જુદા દેશોમાં સ્ત્રી અંગેના ગુનાઓની જોગવાઈ, પ્રક્રિયા સજા અંગેનો અભ્યાસ કરશે.

આજથી જિનાલય સેકટર-૭ના ત્રિ-દિવસીય દશાબ્દી મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૭માં આવેલા શ્રી અરિહંત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ સંચાલિત પૂજ્ય વાસુપૂજ્ય સ્વામી જિનાલયનો તા. ૧૫મી મે-૨૦૧૩થી ૧૭મી મે-૨૦૧૩ સુધી દશાબ્દી મહોત્સવ ઉજવાશે. જેનો પ્રારંભ આજે પૂ. ગુરુભગવંતના સામૈયાથ અને માંગલિક પ્રવચન દ્વારા થશે.

પૂજ્ય વાસુપૂજ્ય સ્વામી જિનાલય સેક્ટર-૭ને વૈશાખ સુદ-૭ના રોજ દશ વર્ષ પૂર્ણ થતાં જિનાલયની દશાબ્દીનો ત્રિદિવસીય મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. આજે પ્રથમ દિવસે સવારે ૭.૩૦ કલાકે ૭/૯ બસ સ્ટેન્ડથી પૂ. ગુરુભગવંતનું સામૈયુ અને માંગલિક પ્રવચન યોજાશે. તપસ્વી મુનીરાજશ્રી અભયરત્ન વિજયજી મહારાજ સાહેબ, જ્ઞાની અને વ્યાખ્યાન વાચસ્પતિ મુનિરાજશ્રી રત્નબોધિ વિજયજી મહારાજ સાહેબ, યુવા મુનિરાજશ્રી મુક્તિપ્રેમ વિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં સવારે ૮ કલાકે નવકારશી, સવારે ૯.૧૫ કલાકે જિનાલયના પટાંગણમાં પંચકલ્યાણકની પૂજા યોજાશે. સુશીલાબેન સૂર્યકાંત મહેતા પરિવાર સિદ્ધિ મહિલા મંડળની બહેનો પૂજા ભણાવશે. દ્વિતીય દિવસે તા. ૧૬મીએ સવારે ૭.૩૦ કલાકે નવકારશી જિનાલયના પટાંગણમાં યોજાશે. સવારે ૯.૧૫ કલાકથી જિનાલયમાં બિરાજમાન પ્રતિમાશ્રીઓને અઢાર અભિષેક નકરાથી લાભ લેનાર દરેક લાભાર્થી પરિવારના બે સભ્યો કરશે. સૂર્ય-ચંદ્રના દર્શન, આરતી-મંગળદીવો તેમજ શાંતિ કળશનો ચઢવો અનુષ્ઠાન દરમિયાન બોલાવવામાં આવશે અને રાત્રે ૮ કલાકે જિનાલયના પટાંગણમાં ભાવના થશે. જેનું સંગીત પંકજભાઈ વોરા આપશે.

ત્રીજા દિવસે તા. ૧૭મીએ સવારે ૮ થી ૮.૪૫ સુધી પૂ. ગુરુ ભગવંતનું પ્રવચન યોજાશે. સવારે ૮.૪૫ પછી સત્તરભેદી પૂજાનો પ્રારંભ થશે. ધ્વજારોહણ સવારે ૧૧.૩૦ કલાકે રઈબેન ત્રિકમલાલ શાહ પરિવારના મોભીશ્રી કીર્તિભાઈ શાહના પરિવારના શુભ હસ્તે યોજાશે. ધ્વજાહણ પ્રસંગે પ.પૂ. જ્યોતિર્ધર આચાર્ય ભગવંત અરૂણોદય સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ નિશ્રા આપશે. આ પ્રસંગે જૈન સંઘના તમામ પરિવારો હાજર રહેશે.

રાંદેસણ ગામે ૧૬મીએ ડાયરો યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના રાંદેસણ ગામે આવેલા ખોડીયાર માતાના મંદિરની બાજુના ચોકમાં તા. ૧૬મી મેને ગુરૂવારે રાત્રે ૮ કલાકે ભાતીગળ ડાયરાનો કાર્યક્રમ યોજાશે. મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાને બે વર્ષ પૂર્ણ થતાં ત્રીજા વર્ષના મંગલ પ્રવેશે ડાયરાનો કાર્યક્રમ યોજાશે.

રાંદેસણના ગ્રામજનો દ્વારા યોજાનાર લોક ડાયરામાં જીતુભાઈ દ્વારકાવાળા, બાબુભા ચૌહાણ, નીલુ ભટ્ટ, શબ્બીરભાઈ મીર અને વિક્રમસિંહ વિઠોલ લોકગીતો, ભજનોની રમઝટ બોલાવશે તથા સંતવાણી કરશે.

આજે ગાંધીનગર ખાતે ભાજપાની વિજય વિશ્વાસ બેઠક

અમદાવાદ, તા. ૧૪

ગુજરાતમાં ૨ જૂનના રોજ યોજાનાર ૨ લોકસભા અને ચાર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીના અનુસંધાનમાં ભાજપાની વિજય વિશ્વાસ બેઠક ૧૫મેના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર ખાતે બપોરે ૩.૦૦ કલાકે મળશે. આ બેઠકમાં ભાજપાના પ્રદેશ આગેવાનો ઉપસ્થિત રહીને પેટા ચૂંટણીમાં ભવ્ય વિજય માટેની રણનીતિને આખરી ઓપ આપશે અને કાર્યકરોને માર્ગદર્શન આપશે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ બેઠકમાં પોરબંદર, બનાસકાંઠા, રાજકોટ જિલ્લો, જૂનાગઢ જિલ્લો, સુરેન્દ્રનગર, પંચમહાલ, જિલ્લાના પાર્ટીના પ્રમુખ, મહામંત્રીશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ, વિવિધ મોરચાના પૂર્વ પ્રદેશ પ્રમુખ તેમજ પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, જુદા જુદા વિવિધ ચૂંટણીલક્ષી સેલના કન્વીનરશ્રીઓ તેમજ જે જિલ્લામાં ચૂંટણી યોજાવાની છે તે જિલ્લાના વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રી સહિત અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહેશે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજયમાં જે છ બેઠકોની પેટા ચૂંટણી યોજાવાની છે તે તમામ બેઠકો કોંગ્રેસ પાસેથી ભાજપા આંચકી લેવાના સંકલ્પ સાથે ચૂંટણીના રણ મેદાનમાં ઉતરશે અને ભવ્ય વિજયના આયોજનને આ બેઠકમાં આખરી ઓપ આપશે.

કલોલ તાલુકાના ડિંગુચા ગામેથી કૃષિરથને લીલીઝંડી આપતા રજનીભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૩ અંતર્ગત જિલ્લા કક્ષાના કૃષિ રથયાત્રાને કલોલ તાલુકાના ડિંગુચા ગામ ખાતેથી ગૃહ રાજય મંત્રી અને જિલ્લા સહ -ભારી મંત્રી શ્રી રજનીભાઈ પટેલે લીલી ઝંડી આપીને -સ્થાન કરાવ્યો હતો. કૃષિ -દર્શનને મંત્રીશ્રીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ -સંગે ગૃહ રાજય મંત્રી અને જિલ્લા સહ -ભારી મંત્રી શ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણો દેશ ગામડાઓનો બનેલ છે. ગામડામાં મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. આઝાદી પછીના સમય બાદ ધીરે ધીરે ખેતીમાંથી લોકો દૂર થવા લાગ્યા છે. પરંતુ ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયનો સાચા અર્થમાં વિકાસ કરવા ગામડાઓના વિકાસ પર ખાસ ભાર મુક્યો છે. આજે રાજયમાં જયોતિગ્રામ યોજના અંતર્ગત ગુજરાતના ગામડાઓમાં ૨૪ કલાક શ્રી ફ્રીજ વીજળી આપવામાં આવી રહી છે. વીજળી થકી આજે ગામડાઓમાં નાના મોટા વ્યવસાયો શરૂ કરી યુવાનો રોજગારી મેળવી રહ્યાં છે. ગામડાઓને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા છે. રાજયમાં વર્ષ- ૨૦૦૫ થી રાજયના ખેડૂતો વૈજ્ઞાનિક ઢબે ખેતી કરે તેવા ઉમદા આશયથી કૃષિ મહોત્સવનો -રંભ કરવામાં આવ્યો હતો. કૃષિ મહોત્સવમાં સોઈલ હેલ્થ કાર્ડ થકી રાજયના ખેડૂતોની જમીનમાં ખુટતા તત્વોની જાણકારી આપવામાં આવે છે. ખુટતા તત્વો અનુસાર ખેડૂત ખાતરનો ઉપયોગ કરતા તેમને ખાતરની બચત થાય છે. તેમજ મબલક પાક મેળવી શકે છે. તે ઉપરાંત રાજય સરકાર દ્વારા ગામમાં સૂક્ષ્મ તત્વો અંગેની જાણકારી આપવા એક ચાર્ટ આપવામાં આવી રહ્યો છે. જેના થકીને ગામના ખેડૂતો પોતાની જમીનમાં કયાં સક્ષમ તત્વોની ઉણપ છે. તેની જાણકારી મેળવી શકે છે. કૃષિ મહોત્સવ થકી બિયારણ, ખાતર, દવાનો છટકાવ કરવાની વૈજ્ઞાનિક પધ્ધિતઓ અને ખેતી ક્ષેત્રે થયેલ નવીન સંશોદ્યનોની જાણકારી ખેડૂતો આપવામાં આવે છે. તેમણે ડ્રીપ ઈરીગેશન થકી પાણી, પાક અને અન્ય થતાં વિવિદ્ય ફાયદાઓની વિસ્તૃત વાત કરી હતી. ખેડૂતોને બદલાતી પધ્ધિતિ અનુસાર ખેતી કરવાનો અનુરોદ્ય કર્યો હતો. રાજયમાં જળસંચય થકી પાણીના તળની કેવી રીતે ઉંચા આવે છે. તેની સરળ ભાષામાં સમજૂતી આપી હતી. આ -સંગે જિલ્લા -ભારી સચિવ શ્રી ડી. સંજય-સાદે જણાવ્યું હતું કે, સમગ્ર દેશનો કૃષિ વિકાસ દર બે ટકા જેટલો છે. ત્યારે ગુજરાત રાજયમાં કૃષિ વિકાસ દર દશ ટકા જેટલો છે. કૃષિ અંતર્ગત રાજય સરકારની વિવિદ્ય યોજનાઓની વિસ્તૃત વાત કરી હતી.

કૃષિ મહોત્સવના -રંભ -સંગે ખેડૂતોને કૃષિ કિટ્સ, પશુપાલન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું તે ઉપરાંત ટ્રેકટર સહાય, થ્રેસર સહાય જેવી લોનના ચેકનું વિતરણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. કોઠા ગામના સરપંચશ્રીને સૂક્ષ્મ તત્વો ફર્ટીલીટીમેપ મંત્રીશ્રીના હસ્તે આપવામાં આવ્યો હતો. આ -સંગે જિલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટે મહાનુભાવોનું શાબ્દિક

સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની રૂપરેખા અને કૃષિ મહોત્સવ પાછળના મૂખ્ય ઉદ્દેશની જાણકારી ખેની અદ્યિકારી શ્રી કે.કે.પટેલે આપી હતી.

ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, કલોલ તાલુકા પંચાયતના -મુખ શ્રી વિષ્ણુભાઈ પટેલ, ભારતીય કિસાન સંઘના -દેશ -મુખ શ્રી જીવણદાદા, કલોલ નગર પાલિકાના -મુખ શ્રી મહેન્દ્રભાઈ બાવરિયા, કલોલ -ાંત અદ્યિકારી શ્રી હિમાંશુભાઈ પટેલ, ડિંગુચા ગામના સરપંચ શ્રી મુકેશ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧

સૂર્યાસ્ત : ૬.૫૯

તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સ્ટાર ટ્રેક ઈનટુ ડાર્કનેસ (૩ડી) (અંગ્રેજી) : ૯.૧૫, ૫.૦૦, ૧૦.૧૫

છોટા ભીમ : ૧૨.૦૦

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૨.૧૫

બોમ્બે ટોકીસ : ૭.૪૫

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૪.૦૦, ૬.૧૫, ૮.૩૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :

ગીપ્પી : ૯.૩૦, ૧.૩૦, ૬.૦૦

આશિકી-૨ : ૧૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ગો ગોઆ ગોનેઃ ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ફોર ટુ કા વન : ૧૦.૦૦, ૫.૦૦

ગીપ્પી : ૧૨.૦૦, ૩.૦૦, ૭.૩૦

ચિરાગ, કલોલ

આશિકી-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યા છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. આપને વિરોધીઓ હેરાન-પરેસાન કરી શકે છે.

વૃષભ : મનોકૂળ કાર્ય થવાનો યોગ. વાહન સુખ પ્રાપ્તિનો યોગ. રાજકીય અને સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકશે. આપના ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારના કારણે લાભ પ્રાપ્ત થવાની શકયતાઓ છે. વેપાર સારો ચાલશે.

મિથુન : શુભ મંગળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક સમસ્યાઓ પર કાર્ય થઈ શકશે. સંતાનપક્ષ તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થશે. મનોરંજન સંબંધી કાર્ય થશે.

કર્ક : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગની ઉપલબ્ધિ.

સિંહ : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ.આર્થિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળવાની સંભાવના છે.

કન્યા : વાહન સુખ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાની સંભાવના.

તુલા : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થવાની સંભાવના છે. વેપાર, કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ થઈ શકે છે.

વૃશ્ચિક : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. આવકનાં સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાની સંભાવના છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. ભાગ્યવર્ધક કાર્યો સફળ થઈ શકશે. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા-પ્રવાસ થઈ શકશે.

મકર : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. કાર્ય યોજના પર અમલ કરવો જરૂરી. સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન થઈ શકશે. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

કુંભ : સ્વાધ્યાયમાં રુચિ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં ગહન શોધ સંબંધી કાર્યો થશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકશે. ધાર્મિકક્ષેત્રમાં આસ્થા વધશે.

મીન : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ છે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. ધનજીભાઈ ચતુરભાઈ વાઘેલા (ઉ.વ. ૮૦) પ્લોટ નં.૧/૫, પુષ્પક એપાર્ટમેન્ટ, સેકટર-૧૩ ગાંધીનગર.
- સ્વ. અમરાભાઈ રણછોડભાઈ ચૌહાણ (ઉ.વ. ૮૫) પ્લોટ નં.૧૩૬/૧, સેકટર-૩/એ, ગાંધીનગર.
- સ્વ. કેશરબા અર્જુનસિંઘ રાઠોડ (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૩૫૯, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. નિર્મલાબેન રાજેન્દ્રભાઈ દેવીપુજક (ઉ.વ. ૨૦) શાહપુર ફાયરબ્રાગ્રેડ, કમુબેનની ચાલી, અમદાવાદ.